


આંધીનો અહેસાસ - ઢળતી બપોરે શહેરમાં પવનના ભારે સુસવાટા વચ્ચે ધુળની ડમરીઓ ઉડતી હતી... આંધી - ગાંધીનગરની વિશેષ ઓળખ છે... રેતાળ જમીનના કારણે પવનની ગતિ થોડીક પણ વધતા ધુળની ડમરીઓ ઉપર તરફ જવા લાગે છે અને સમગ્ર વાતાવરણ ધુળીયું બની જાય છે... મંગળવારની બપોરે પણ આવો જ માહોલ સર્જાયો હતો. આગામી દસ-પંદર દિવસમાં આંધીનો તોફાનો આવશે એવી આગાહી તજજ્ઞો કરી રહ્યા છે.... (તસવીર : દિપક જાની, કશ્યપ નિમાવત)

# ગાંધીનગરમાં ગરમીનું મોજુ યથાવત

## મહત્તમ તાપમાન ૪૨.૬ ડિ.સે. નોંધાયુ : વસાહતીઓ ભારે ગરમી અને બફારામાં હેરાન પરેશાન

ગાંધીનગર, તા.૨૮

ઉનાળો ધીમે ધીમે તેની ચરમસીમાએ પહોંચ્યો છે. ગઈ કાલે મહત્તમ તાપમાન ૪૨.૫ ડિ.સે. નોંધાયું હતું. જયારે આજે મહત્તમ તાપમાન ૪૨.૬ ડિ.સે. નોંધાયું હતું. ગરમીનું મોજુ યથાવત રહેતા વસાહતીઓ હેરાન પરેશાન થઈ ચુકયા છે. આકાશમાંથી અંગારા વરસતા ભારે લુના કારણે શહેરનું જનજીવન અસર પામ્યું છે. માર્ગો સુમસામ બની ગયા હતા.

એપ્રિલ માસના અંત ભાગમાં ઉનાળો તેનો આકરો મિજાજ બતાવી રહ્યો છે. ઉનાળાની મોસમ જાણે પુરબહારમાં હોય તેમ આકાશમાંથી અંગારા વરસી રહ્યા છે. વહેલી સવારથી જ તડકો આકરો બનવા માંડે છે. સવારે નવ દસ વાગે તો લુ ફુંકાવા માંડે છે. ભર બપોરે તો લુ એટલી બધી આકરી થઈ જાય છે કે ઘરની બહાર નીકળવું મુશ્કેલ બની જાય છે. દ્વી ચક્રી વાહન પર જો બપોરે નીકળો તો હાથપગના આંગળા અને ચહેરો રીતસર બળતો હોય તેવું લાગવા માંડે છે. હાથ પગના મોજા પહેરો અને મોઢે રૂમાલ કે દુપટ્ટો બાંધો તો જ ગરમીથી થોડીક રાહત મળે છે. સૂર્યાસ્ત થઈ જાય તો પણ લુની અસર રહે છે. ગરમ પવન છેક રાત સુધી ફુંકાય છે. ગરમીથી રાહત મેળવવા માટે વસાહતીઓ ઘરની બહાર ખુલ્લામાં બેસવાનું પસંદ કરે છે મહાત્મા મંદિરની સામેના સ્વર્ણિમ પાર્કમાં તો મોડી રાત સુધી ભારે ભીડ જોવા મળે છે. જાણે મેળો જામ્યો હોય તેવું દૃશ્ય જોવા મળે છે. ગરમીથી રાહત મેળવવા માટે ઠંડા પીણાની અને આઈસક્રીમની દુકાનો અને પાર્લરો પર પણ લોકોની ભીડ જોવા મળે છે. હજુ આગામી અઠવાડિયા દરમિયાન મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી પહોંચવાની સંભાવના છે. આજે મહત્તમ તાપમાન ૪૨.૬ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૨.૦ ડિ.સે. નોંધાયું હતું જયારે ભેજનું પ્રમાણ સવારે ૫૮ ટકા અને સાંજે ૧૯ ટકા નોંધાયું હતું.

# હવે શહેરના બગીચાઓ માટે લડત અપાશે

## શહેરના બગીચાઓને મરણપથારીએથી ઉગારવા જાગૃત નાગરિકો આંદોલન કરશે : સેકટરોના બગીચાઓ જાળવણીના અભાવે કંગાળ હાલતમાં છે

ગાંધીનગર, તા ૨૮

શહેરના બગીચાઓને ઉજજડ બનતા અટકાવવા આગામી દિવસોમાં જાગૃત નાગરિકો દ્વારા આંદોલનની રાહ અપનાવાશે. હાલ સેકટરોના બગીચાઓ જાળવણીના અભાવે ઉજજડ બન્યા છે. જેની સામે પ્રકૃતિપ્રેમીઓમાં આક્રોશ પ્રવર્તયો છે.એક સમયે આકર્ષણનુ કેન્દ્ર બનેલા સેકટરોના ઉધાનો હાલ દયનીય હાલતમાં છે.હરિયાળા વૃક્ષોને બચાવવા પંચામૃત ભવનનો પ્રાજેકટ પડતો મુકાયો છે. ત્યારે પ્રકૃતિ બચાવોનો અભિગમ વધુ મજબૂત બન્યો છે.આવા સંજોગોમાં શહેરના ઉધાનોને મરણપથારીએથી બેઠા કરવા અહિંસક લડત અપનાવવા વિચારણા હાથ ધરવામાં આવી છે.

શહેર અસ્તિત્વમાં આવ્યા બાદ સેકટરોમાં પણ વિવિધ ઉધાનોનું નિર્માણ કરવામાં આવ્યુ હતુ. મોટાભાગના સેકટરોમાં બગીચાઓ બનાવાયા હતા. સેકટરોના બગીચાઓમાં બાળકો માટે રમત ગમતના સાધનો પણ મુકવામાં આવ્યા હતા. સેકટરોના બગીચાઓમાં સાંજ ઢળતા જ સહેલાણીઓ ટહેલવા નીકળી પડતા હતા. પરંતુ સમય જતા ઉધાનોની દરકાર ન લેવાતા હાલ બગીચાઓમાં હરિયાળી અદ્રશ્ય થઈ ગઈ છે. જયારે રમત ગમતના સાધનો પણ ગાયબ થઈ ગયા છે. ઘણાખરા બગીચાઓમાં સાધનો તૂટેલી હાલતમાં જોવા મળી રહયા છે. સેકટરોના ઉધાનો બદતર હાલતમાં છે. ઉધાનોની જાળવણી માટે મેન પાવરના નામે મીંડુ છે. સાજ ઢળતા જ બગીચાઓમાં અંધારપટ્ટ છવાઈ જાય છે.જેના પરિણામે બગીચાઓમાં અસામાજિક બદીઓ પાંગરી રહી છે. શહેરની આગવી ઓળખ સમા બાલોધાનની હાલત પણ દયાજનક છે. બાલોધાન જાળવણીના અભાવે મરણ પથારીએ છે.

● અનુસંધાન પાન-૭ પર

# પ્રધાનપુત્ર બબાલ પ્રકરણમાં હવે માર ખાનાર સામે ગુનો દાખલ..!

## જય ભવાની સંચાલક સુજલ શાહ સામે એટ્રોસીટી અને મારામારીની ફરીયાદ : પકડાયેલા બે આરોપીઓ જામીન પર મુક્ત

ગાંધીનગર, તા. ૨૮

શહેરના સેક્ટર-૨૧ જય ભવાની વડાપાઉ શૉપમાં પ્રધાનપુત્રએ કરેલી સંચાલકની ધોલાઈ પ્રકરણે ભારે ચર્ચા જગાવી છે. આ પ્રકરણમાં તો હવે જે સંચાલકે માર ખાધો હતો તેની સામે પણ ગુનો દાખલ થવા પામ્યો છે. સુજલ શાહ સામે વિશાલ સોલંકીની ફરીયાદ આધારે પોલીસે એટ્રોસીટી અને મારઝુડ અંગે ગુનો દાખલ કર્યોછે. જેની તપાસ ગાંધીનગર એસ.સી., એસ.ટી. સેલના ડીવાયએસપીએ સંભાળી છે.

આણંદના વિશાલ દામોદરભાઈ સોલંકીની ફરીયાદને આધારે સે. ૩૦મા રહેતા અને જય ભવાની વડાપાઉમાં નોકરી કરી સંચાલન કરતાં સુજલ શાહ સામે સે. ૨૧ પોલીસમથકમાં આઈપીસી કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) અને એટ્રોસીટીનો ગુનો નોંધાવા પામ્યો છે. વિશાલે આપેલી ફરીયાદ મુજબ સુજલ શાહે તેમને નાસ્તો કરવા ગયા ત્યારે રોક્યા હતા અને જાતિ વિષયક અપમાનજનક શબ્દો ઉચ્ચારીનો તારે બહાર ઉભુ રહેવાનું... અંદર આવવાનું નહી.. તેમ કહ્યું અને તેના બે મિત્રો બોલાવી છાતીમાં ફેંટો મારવા લાગ્યા હતા. તે ઉપરાંત ગાળાગાળી કરવા લાગ્યા હતા. આ અંગે ગુનો દાખલ કરીને ડીવાયએસપીને તપાસ સોંપવામાં આવી છે. તો બીજી તરફ ગઈકાલે અટકાયત કરાયેલા બે આરોપીઓને આજે જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
Kisan
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# સંજય જોષીની ગુજરાત મુલાકાતથી રાજકીય ઉત્તેજના

## નરેન્દ્ર મોદી મારા નેતા હોવાનું નિવેદન :સંઘના પ્રયાસોથી મોદી અને જોશી વચ્ચે સમાધાનનો તખ્તો તૈયાર થયો



અમદાવાદ, તા. ૨૮

રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘે છેલ્લા કેટલાં સમયથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના કટ્ટર હરીફ એવા સંઘના પ્રચારક સંજય જોશી વચ્ચે સમાધાનનો તખ્તો તૈયાર કરવાના પ્રયાસો શરૂ કર્યા છે. જેના ભાગરૂપે સંજય જોશીએ નરેન્દ્ર મોદીની સર્વાપરિતાનો સ્વીકાર કરી તાજેતરમાં જ નાગપુર ખાતે નરેન્દ્ર મોદી મારા નેતા છે તેવું નિવેદન કર્યું હતું. અને આજે અમદાવાદની મુલાકાત દરમિયાન પણ તેમણે આ નિવેદન કરી નજીકના ભવિષ્યમાં ભાજપના રાષ્ટ્રીય સંગઠનમાં પોતાનું મજબૂત સ્થાન પાકુ કરવાનો માર્ગ કંડારી લીધો છે. સંજય જોશીની બે દિવસનો ગુજરાતનો પ્રવાસ ખુબ જ રોચક અને રાજકીય ઉત્તેજના તથા અટકળોથી ભરપુર રહ્યો હતો. ભારતીય જનતા પાર્ટી પૂર્વ રાષ્ટ્રીય મહામંત્રી અને સંઘના કાર્યકર સંજય જોશી ગઈકાલથી સૌરાષ્ટ્ર-ગુજરાતના પ્રવાસે નીકળ્યા છે. ગઈકાલે તેમણે પાલનપુર, બોટાદ, ભાવનગર સહિતના વિસ્તારોની મુલાકાત લીધી હતી. અને આજે સવારે અમદાવાદ પહોંચી ગયા હતા. સંજય જોષીના પ્રવાસનો પ્રારંભ પાલનપુરથી થયો હતો. પાલનપુરના રેલવે સ્ટેશન પર તેમને આવકારવા માટે ભાજપના જુના જોગીઓ અને સંઘન કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અને સંજય જોશી વચ્ચેના ખટરાગના કારણે અનેક મોટા માથાઓ અને તેના જૂના સાથીદારો તેમનાથી દૂર રહ્યા છે. પત્રકારોએ તેમનો સંપર્ક સાધતાં સંજય જોશીએ જણાવ્યું હતું કે, સામાજિક કાર્ય અર્થે બે દિવસ માટે ગુજરાતના પ્રવાસે આવ્યો છું અને તેમની આ રાજકીય મુલાકાત હોવાની વાતને સ્પષ્ટ શબ્દોમાં નકારી કાઢી હતી. પાલનપુરનો કાર્યક્રમ પુરો કર્યા બાદ સંજય જોશી બોટાદ જવા નીકળી ગયા હતા. બોટાદ ખાતે સંઘના એક જુના કાર્યકરના પરિવારમાં યોજાયેલા લગ્ન સમારોહમાં સંજય જોશી હાજરી આપવા માટે આવ્યા હતા.

બોટાદમાં ભાજપનાં પૂર્વ મહામંત્રી મહાસુખભાઈ દલવાડીના પુત્રના લગ્ન સમાંરભમાં ભાવનગર પૂર્વ સાંસદ રાજેન્દ્રસિંહ રાણા સાથે હાજરી આપ્યા બાદ તેઓ ભાવનગર પહોંચ્યા હતા અને ત્યાં રાજેન્દ્રસિંહના નિવાસ્થાને રાત્રી રોકાણ કરી આજે સવારે અમદાવાદ આવી પહોચ્યા હતા. બપોરે અમદાવાદ પહોંચેલા સંજય જોશીએ સંઘના કાર્યકર સુરેશ ગાંધીએ ગોઠણનું ઓપરેશન કરાવ્યું હોવાથી બપોરે એક વાગ્યા તેમની મુલાકાત લઈ ખબરક અંતર પૂછ્યા હતા. ત્યારબાદ ભોજનના વિરામ બાદ બપોરે ત્રણ વાગ્યે સંજય જોશીએ સરસપુર મંદિર ખાતે સ્વામી અખિલેશદાસજી સાથે મુલાકાત કરી હતી. અને મોડી રાત્રી તેઓ દિલ્હી રવાના થયા હતા.

# જિલ્લા ભાજપની કારોબારીમાં મંત્રીઓએ હાજરી આપવાનું ટાળ્યુ

## મોદીને અભિનંદન આપતો; રાજકીય પ્રસ્તાવ સહિત ત્રણ મહત્વના ઠરાવો પસાર કરાયા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા ભાજપની કોરાબારી બેઠકમાં આજે એક પણ મંત્રી હાજર ન રહેતાં કાર્યકરોમાં નિરાશા પ્રસરી જવા પામી હતી. જો કે પ્રભારી શ્રી કે.સી. પટેલની હાજરીથી કાર્યકરોમાં થોડોક ઉત્સાહ જોવા મળતો હતો.

સ્ટાફ ટ્રેનીંગ કોલેજમાં આજે જિલ્લા ભાજપની કારોબારીમાં પ્રભારી મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ અને રાજ્યમંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી હાજર રહેશે તેવી વાતો હતી પરંતુ બન્ને મંત્રીમાંથી એક પણ હાજર રહ્યા ન હતા.

આજે મળેલી કારોબારી બેઠકમાં નરેન્દ્ર મોદી સરકારે લીધેલા પગલાંઓ અને નિર્ણયોથી ગુજરાતને થનારા આર્થિક ફાયદાઓને ધ્યાને રાખી અભિનંદન આપતો પ્રસ્તાવ પસાર કરાયો હતો.

ભૂમિ અધિગ્રહણ બિલને લઈ કોંગ્રેસ દ્વારા કરવામાં આવતા ભ્રામક પ્રચારનો પર્દાફાશ કરવા કાર્યકરોને અપીલ કરવામાં આવી હતી.

આ બેઠકમાં મહાસંપર્ક અભિયાનને લઈ કાર્યકરોને સજજ થવા પણ જણાવવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત રાજકીય પ્રસ્તાવ પણ યાચિત કરવામાં આવ્યો હતો.

જિલ્લા ભાજપના પ્રમુખ શ્રી નૌલેશ શાહની અધ્યક્ષતામાં મળેલ આ બેઠકમાં સગઠ્ઠનને વધુ અસરકારક રીતે કામ કરવા અને કાર્યકર્તાઓ સાથેના સંપર્કને વધુ મજબુત બનાવવા પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો.



(તસવીર : કશ્યપ નિમાવત)

શ્રદ્ધાંજલિ - નેપાળ અને ઉત્તર ભારતના વિસ્તારોમાં ભયાનક ભૂકંપમાં મૃત્યુ પામનાર સદગતોને અંજલિ આપવાનો નમ્ર પ્રયાસ શહેરની શાળા-મહાશાળાઓમાં થયો હતો. ભારતની વિશેષતા છે કે વિશ્વના કોઈપણ દેશમાં કુદરતી આફત સામે ઝઝુમતા મૃત્યુ પામનાર સદગતો કે અસરગ્રસ્તો માટેની સંવેદના દેશની ગલીએ ગલીએ, મહોલ્લે-મહોલ્લેથી પ્રગટે છે અને પ્રસરે છે... ભારત લાગણીપ્રધાન દેશ છે... અને ભારતવાસીઓ સંવેદનાથી હરહંમેશ છલકાતા જ રહે છે... માનવતાના સંસ્કાર ભારતની ધરતીના સંસ્કાર છે...

# રાપરમાં ભૂકંપનો હળવો આંચકો

અમદાવાદ, તા.૨૮

નેપાળ અને ભારતના જુદા જુદા રાજ્યોમાં હાલમાં જ ભૂકંપના આંચકા આવ્યા છે ત્યારે આજે ગુજરાતના કચ્છના રાપર ખાતે સાંજે ભૂકંપનો હળવો આંચકો અનુભવાયો હતો. સાંજે ૭.૩૬ વાગ્યાની આસપાસ આવેલા આ ભૂકંપના હળવા આંચકાને કારણે કોઈને વધારે અસર થઈ ન હતી. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ ઉપર ૨.૧ જેટલી આંકવામાં આવી હતી. અત્રે નોંધનીય છે કે, નેપાળમાં શનિવારના દિવસે પ્રચંડ ભૂકંપનો આંચકો આવ્યો હતો જેમાં હજારો લોકોના મોત થઈ ચુક્યા છે. મોતનો આંકડો પાંચ હજારથી ઉપર નેપાળમાં પહોંચ્યો છે.

# શહેરમાં માડીરાત્રે પ્રવેશતા ભારે વાહનો અકસ્માતની દૃષ્ટિએ જોખમી

## ટ્રાફિક સિગ્નલો બંધ હાલતમાં : ગતિ નિયંત્રણનો અભાવ

ગાંધીનગર,તા૨૮

શહેરમાં વધતા માર્ગ અકસ્માતના બનાવોને ડામવા ટ્રાફિકના નિયમન સાથે વાહનોમાં ગતિ નિયંત્રણ જળવાય તે અનિવાર્ય બન્યુ છે. માડીરાત્રે શહેરમાં ગેરકાયદેસર પ્રવેશતાં ભારે વાહનોને રોકવા યોગ્ય પગલાં લેવાય તે પણ અનિવાર્ય બન્યુ છે. મહાત્મા મંદિર તેમજ સચિવાલય સહિતના વી આઈ પી વિસ્તાર માટે અલગ પોલીસ વ્યવસ્થા ગોઠવાય તેવી પણ માંગ ઉઠવા પામી છે. માર્ગ સલામતીને ધ્યાને લઈ ત્વરિત યોગ્ય પગલા લેવાય તેવો સુર ઉઠવા પામ્યો છે.

શહેરમાં માર્ગ સલામતીના નામે મીંડુ ચિતરાયેલુ જોવા મળે છે. એકબાજુ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળેલી છે. પાલીસતંત્ર પાસે મેનપાવરનો અભાવ વર્તાય છે. બીજીતરફ વી આઈ પી બન્દાબસ્તમાં પણ મેનપાવર રોકાયેલો રહે છે. આ માટે અલગ પોલીસસ્ટેશનની જોગવાઈ કરવા પણ રજુઆત કરવામાં આવી છે. આ અંગે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બૂચે રજુઆતમાં જણાવ્યા મુજબ શહેરમાં બેફામ બનતા વાહનચાલકો માટે ગતિ નિયંત્રણ જળવાય તે પણ અનિવાર્ય બન્યુ છે. બેફામ જતા વાહનચાલકોના લીધે માર્ગ સલામતી જોખમાઈ છે. આ માટે ટ્રાફિક સિગ્નલ શરુ કરવા પણ અનિવાર્ય બન્યા છે. ટ્રાફિક નિયમનના અભાવે રોજબરોજ અકસ્માતો સર્જાય છે. માડીરાત્રે શહેરમાંથી નિકળતા ભારે વાહનોને પણ અટકાવવામાં આવતા નથી. ગેરકાયદેસર રીતે રાત્રિના સમયે ભારે વાહનો બેરોકટોક પસાર થાય છે.રાષ્ટ્રીય ધોરીમાર્ગનો ટ્રાફીક રીંગરોડ પર ડાયવર્ટ કરવા પણ રજુઆત કરવામાં આવી છે. મહામંડળ દ્વારા રાત્રિના ૧૦ કલાક બાદ દુકાનો ચાલુ રાખવાના નિર્ણયને પણ આવકારવામાં આવ્યો છે.જયારે આવા સંજોગોમાં રાત્રિના સમયે અસામાજિક તત્વાને ડામવા તેમજ દુકાનધારકોને રક્ષણ પુરુ પાડવા પણ યોગ્ય પગલા લેવાય તેમ પણ રજુઆતમાં જણાવ્યું છે. શહેરના એસ ટી ડેપોમાં પણ પાલીસચોકી શરુ કરવાનો મામલો અટવાયેલો છે.જેના પરિણામે ડેપોમાં આવતા મુસાફરો તસ્કરીનો ભોગ બને છે.


# આગામી મહિનામાં જિલ્લાની ૩૦૫ શાળાઓમાં સફાઈ ઝૂંબેશ હાથ ધરાશે

## સફાઈ અભિયાનમાં શાળાના આચાર્ય સહિત શિક્ષકો અને સેવકો જોડાશે

ગાંધીનગર,તા૨૮

ગાંધીનગરની શાળાઓમાં આગામી મે મહીનામાં સ્વચ્છતા અભિયાન અન્વયે ઝૂંબેશ હાથ ધરવામાં આવશે. વેકેશનના સમયગાળામાં જિલ્લાની ૩૦૫ શાળાઓમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવશે. શાળાના આચાર્યો, શિક્ષકો અને સેવકો પણ આ સફાઈ અભિયાનમાં જોડાશે.આ દરમિયાન શાળાસંકુલ સહિત વર્ગખંડો અને લેબોરેટરીની પણ સફાઈ કરવામાં આવશે.

સ્વચ્છ ભારતના અભિયાન અન્વયે સરકારી કચેરીઓમાં પણ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવે છે. આ ઉપરાંત નગરના જાહેર સ્થળોએ પણ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવે છે. સ્વચ્છતા અભિયાન અંતર્ગત જિલ્લાની શાળાઓમાં પણ આગામી મેં મહિનામાં સફાઈ અભિયાન હાથ ધરાશે. સુત્રોના જણાવ્યા અનુસાર આગામી તા ૧ થી ૧૫ મે દરમિયાન જિલ્લાની ૩૦૫ શાળાઓમાં સફાઈ કરવામાં આવશે. આ સફાઈ ઝૂંબેશમાં શાળાના શિક્ષકો, આચાર્યો અને સેવકો જોડાશે. આ દરમિયાન શાળાના વર્ગખંડો, શાળા કંમ્પાઉન્ડ લેબોરેટરી, તેમજ કામ્પ્યુટરલબની પણ સફાઈ કરવામાં આવશે. જયારે શાળામાં થતા વરસાદી પાણીના ભરાવાને દુર કરવા પણ લાઈનોની સફાઈ કરવામાં આવશે. આ ઉપરાંત શૌચાલયની સફાઈ જૂના ફર્નિચરનો નિકાલ પણ કરવામાં આવશે. વેકેશનના સમયગાળામાં શાળાઓમાં જરુરી મરામત્તનુ પણ કામ કરવામાં આવશે. વધુમાં શાળાના જરુરી રેકર્ડને પણ સુવ્યવસ્થિત કરવામાં આવશે.



Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com